પા-૧૧

તારીખ: ૨૨-૧-૨૦૨૦ બુધવાર

નોબત

# જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડ. દ્વારા શનિવારે માર્ગદર્શક સેમિનાર

જામનગર તા. ૨૨: જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વ્યાપારીઓ તથા ઉદ્યોગકારોમાં ઈન્ટલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ તથા ટ્રેડ માર્ક અને કોપીરાઈટ અંગે જાગૃતતા આવે તથા હાલના સમયમાં થઈ રહેલ સાયબર ક્રાઈમ અંગે પણ લોકોમાં જાગૃતતા આવે તે હેતુથી આગામી તા. ૨૫-૧-૨૦૨૦, શનિવારના સાંજે ૪ કલાકે 'ધીરૂભાઈ અંબાણી વાણિજ્ય ભવન', જામનગર-રાજકોટ હાઈ-વે, સુભાષ બ્રિજ નજીક, જામનગરમાં આઈપીઆરના કાયદા, હેતુઓ તથા તેના વ્યાપ અંગે તથા સાયબર સિક્યોરીટી અંગે લોકોમાં જાગૃતિ આવે તે માટે વિનામૂલ્યે માર્ગદર્શક સેમિનારનું આયોજન કરેલ છે.

આ સેમિનારમાં વક્તા તરીકે શ્રી ગૌરવભાઈ પંડ્યા, એડવોકેટની ટીમ દ્વારા ઈન્ટલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ (આઈપીઆર) બાબત ટ્રેડમાર્ક, કોપીરાઈટ અને પેટન્ટ અંગે તથા શ્રી રાજીવભાઈ વૈશ્નદ્વારા સાયબર સિક્યોરીટી અંગે રેન્સમવેર, મોબાઈલ સિક્યોરીટી, કલાઉડ કોમ્પિટીંગના ટેકનિકલ પોઈન્ટ તથા લીગલ પોઈન્ટ વિશે માર્ગદર્શન આપવામાં આવશે. આ સેમિનાર ખૂબ જ ઉપયોગી હોય, ચેમ્બરના તમામ સભ્યશ્રીની તથા રસ ધરાવતા સહું કોઈને આ સેમિનારમાં ભાગ લેવા માનદ્મંત્રી અક્ષત વ્યાસે અનુરોધ કર્યો છે.

આજકાલ

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સેમીનાર

# આઈપીઆર તથા સાયબર સિક્યોરીટી વિષય પર તજજ્ઞો દ્વારા અપાશે માર્ગદર્શન

**આજકાલ કાર્યાલય–જામનગર**

જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વ્યાપારીઓ તથા ઉદ્યોગકારોમાં ઈન્ટલેકચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ (આઈપીઆર) તથા ટ્રેડમાર્ક અને કોપીરાઈટ અંગે જાગૃતતા આવે તથા હાલના સમયમાં થઈ રહેલ સાયબર ક્રાઈમ અંગે પણ લોકોમાં જાગૃતતા આવે તે હેતુથી આગામી તા. ૨૫/૦૧/૨૦૨૦ શનિવારના રોજ બપોરના ૪ કલાકે ધીરૂભાઈ અંબાણી વાણિજ્ય ભવન, જામનગર–રાજકોટ હાઈવે, સુભાષ બ્રીજ નજીક, જામનગર ખાતે આઈપીઆર ફાયદા, હેતુઓ તથા તેના વ્યાપ અંગે તથા સાયબર સિક્યોરીટી અંગે લોકોમાં જાગૃતિ આવે તે માટે એક વિના મૂલ્યે માર્ગદર્શક સેમિનારનું આયોજન કરેલ છે.

આ સેમીનારમાં વકતા તરીકે ગૌરવભાઈ પંડ્યા, એડવોકેટની ટીમ દ્વારા ઈન્ટલેકચ્યુઅલ પ્રોપર્ટી રાઈટસ (આઈપીઆર) બાબત ટ્રેડમાર્ક, કોપીરાઈટ અને પેટન્ટ અંગે તથા રાજીવભાઈ વૈશ્નવ દ્વારા સાયબર સિક્યોરીટી અંગે રેન્સમવેર, મોબાઈલ સિક્યોરીટી, કલાઉડ કોમ્પીટીંગના ટેકનીકલ પોઈન્ટ તથા લીગલ પોઈન્ટ વિશે માર્ગદર્શન આપવા આવશે, આથી આ સેમિનારમાં સમયસર ઉપસ્થિત રહેવું, આ સેમિનાર ખુબ જ ઉપયોગી હોય ચેમ્બરના તમામ સભ્યો તથા રસ ધરાવતા સહુ કોઈને આ સેમિનારમાં ભાગ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.